**રાજ્યમાં મોટી નદીઓ પર બાંધવાના**
**થતા ચેકડેમોના આલેખન બાબત.**

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૯૭/૧૩૯૭/(૧૧)/પા.ફ્ર./એમઆઇસેલ (ક-૧)
તા. ૦૪ /૧૦/૨૦૧૩

સંદર્ભ :- (૧) સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક : સીડીએમ/૨૦૦૭/૪૮૨૮/૧૮૨/ક-૨ તા.૨૩/૧૨/૨૦૦૮
(૨) સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક : સીડીએમ/૨૦૦૭/૪૮૨૮/૧૮૨/ક-૨ તા.૨૧/૧૦/૨૦૧૧

**આમુખ :-**

હાલમાં રૂ.૧.૦૦ કરોડ સુધીના ચેકડેમોના આલેખન અંગેની કામગીરી સબંધિત વર્તુળના અધીક્ષક ઇજનેરશ્રી તેમજ રૂ.૧.૦૦ કરોડથી ઉપરની કિંમતના ચેકડેમોના આલેખનની કામગીરી અધીક્ષક ઇજનેરશ્રી લઘુ સિંચાઇ યોજના (સી.ડી.ઓ) ગાંધીનગર દ્વારા કરવામાં આવતી હતી.. હાલના તબક્કે ચેકડેમોના આલેખનની સત્તામાં સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :-**

(૧) હાલમાં ૧.૦૦ કરોડ સુધીના ચેકડેમોના આલેખનની કામગીરી સબંધિત વર્તુળના અધીક્ષક ઇજનેરશ્રી દ્વારા કરવામાં આવે છે. તે પ્રથા ચાલુ રાખવી.

(૨) રૂ.૧.૦૦ કરોડથી રૂ. ૫.૦૦ કરોડ સુધીની કિંમતના ચેકડેમોના આલેખનની કામગીરી , સરકારશ્રીએ ચેકડેમના આલેખન માટે બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ સબંધિત અધીક્ષક ઇજનેરશ્રી એ કરવાની રહેશે. અને તેઓએ કરેલ આલેખન મધ્યસ્થ આલેખન તંત્ર ગાંધીનગર ખાતેના અધીક્ષક ઇજનેરશ્રી (હાઇડ્રો) ને મોકલવાનું રહેશે. અને, અધીક્ષક ઇજનેરશ્રી મધ્યસ્થ આલેખન તંત્ર (હાઇડ્રો) એ આલેખનની સમીક્ષા કરી મંજૂરી આપવાની રહેશે.

(3) રૂ. ૫.૦૦ કરોડ થી વધુ રકમના ચેકડેમોના આલેખનની કામગીરી અંગે સરકારશ્રીએ ચેકડેમના આલેખન માટે બહાર પાડેલ માર્ગદર્શિકા મુજબ જરૂરી વિગતો તૈયાર કરી નિયત કરેલ ચેકલીસ્ટમાં

બધી માહિતી ભરીને જરૂરી નકશાઓ સહિતની દરખાસ્ત ક્ષેત્રિય કક્ષાએથી તૈયાર કરી અધીક્ષક ઇજનેરશ્રી મધ્યસ્થ આલેખન તંત્ર (હાઇડ્રો)ને મોકલવાની રહેશે. અને આ દરખાસ્ત અન્વયે ચેકડેમનું આલેખન અધીક્ષક ઇજનેરશ્રી મધ્યસ્થ આલેખન તંત્ર (હાઇડ્રો) ગાંધીનગરે કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨ ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ સચિવાલય ગાંધીનગર

૩. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪ સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)

૫ સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ

૬. સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-૩, જ,એમઆઇસેલ,ક-૭)

૭. સીલેકટ ફાઇલ